# મોડાસામાં તાપમાન ૪૪ ડિગ્રીને પાર થતા જનજીવન આકુળવ્યાકુળ

ઉનાળો હવે પરાકાષ્ઠાએ પહોંચી ગયો હોય તેમ આકાશમાંથી સતત અગનવર્ષા થઈ રહી છે. મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રીએએ પહોંચતા આગ ઝરતી ગરમીથી જનજીવન અગન ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. બપોરેના સુમારે રસ્તાઓ સુમસામ ભાસતા હતા જાણે કુદરતી કરફ્યુ લાદયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ ગરમી વધવાની સંભાવના વ્યક્ત કરી હતી.



મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં હીટવેવને કારણે જનજીવન ત્રસ્ત થઈ ગયું છે. બપોરના સુમારે સતત ગગન ગોખેથી આગ ઝરતી ગરમી વરસી રહી છે અને ચામડી દાઝી જાય તેવી ગરમ લુ ફેંકાઈ રહી છે. સવારના ૧૦ વાગ્યાથી ધોમધખતો તાપ શરુ થઈ જાય છે અને બપોરના ૧૨ વાગ્યા સુધીમાં અગન ભઠ્ઠી જેવી સ્થિતિ સર્જાય છે અને સાંજના ૬ વાગ્યા સુધી સખત તાપ રહે છે. પરિણામે જનજીવન ત્રાહિમામ પોકારી ઉઠ્યું છે. બળબળતા બપોરે ભરચક્ક રહેતા માર્ગો સુમસામ ભાસે છે અને બજારમાં લોકો બપોરે ખાસ કામ સિવાય જવાનું ટાળી રહ્યા છે તેથી બપોરના સુમારે સ્વયભૂ સંચારબંધી લદાઈ ગઈ હોય તેવો માહોલ પેદા થયો હતો.

# પીએફની ૪૭.૦૬ લાખની રકમ કચેરીમાં જમા ન કરી

## કર્મચારીઓના પીએફના નાણાં તેમના પગારમાંથી કાપ્યા બાદ પણ રકમ પીએફ ઓફિસમાં જમા જ ના કરાવાઇ

અમદાવાદ, તા.૧૭

કર્મચારીઓના પ્રોવીડન્ટ ફંડના નાણાં કાપ્યા બાદ તે પી.એફ કચેરીમાં જમા નહી કરાવવાના ગુના બદલ મેકવાયર એચ.આર. સોલ્યુશન કંપનીના માલિક નિત્યરાજન પ્યારેલાલ સરકાર અને અનિધ્યા નિત્યરાજન સરકાર વિરૂધ્ધ શહેરના નવરંગપુરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવા પામી છે. કંપનીના માલિકોએ આશરે ૨૫૦ જેટલા કર્મચારીઓના પગારમાંથી રૂ.૪૭.૦૬ લાખથી વધુની રકમ કાપી લીધા બાદ પણ પીએફ કચેરીમાં જમા કરાવી નહી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. પીએફ અધિકારી વીજી દિનેશ મોહન દ્વારા નોંધાવાયેલી ફરિયાદના આધારે નવરંગપુરા પોલીસે આ પ્રકરણમાં આગળની તપાસ કાર્યવાહી હાથ ધરી છે. કર્મચારીઓના પ્રોવીડન્ટ ફંડની રકમ જમા નહી કરાવવા બદલ નોંધાયેલી પોલીસ ફરિયાદની વિગતો મુજબ, વડોદરાના અકોટા સ્ટેડિયમ રોડ પર ચિત્રકુટ સોસાયટી ખાતે રહેતા અને મેકવાયર એચ.આર.સોલ્યુશન કંપનીના માલિક નિત્યરાજન પ્યારેલાલ સરકાર અને ચાંદખેડા વિસ્તારમાં એસપી રીંગરોડ પર તપોવન સર્કલ ખાતે બાલાજી વિલા-૨ ખાતે રહેતાં અનિધ્યા નિત્યરાજન સરકારે ભેગામળી નવરંગપુરા ગણેશપ્લાઝા ખાતેની ઓફિસમાં કામ કરતાં કર્મચારીઓના પ્રોવીડન્ટ ફંડના નાણાં પગારમાંથી કાપ્યા છતાં આજદિન સુધી પીએફ કચેરીમાં જમા કરાવ્યા ન હતા. આરોપીઓએ તા.૫-૧૨-૨૦૧૭થી લઈ આજદિન સુધી કર્મચારીઓના પીએફના રૂ.૪૭ લાખ, છ હજાર, ૩૩૨ તેમના પગારમાંથી કાપ્યા બાદ પણ આ રકમ પ્રાદેશિક ભવિષ્ય નિધિની કચેરીના ખાતામાં જમા કરાવ્યા ન હતા. કંપનીના માલિકો દ્વારા આમ કરી ખુદ કંપનીના જ કર્મચારીઓ સાથે ગંભીર વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરાયા હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. પીએફ અધિકારીની આ ફરિયાદના આધારે નવરંગપુરા પોલીસે સમગ્ર મામલામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. કંપનીના માલિકો દ્વારા આચરાયેલા આ કૌભાંડમાં ૨૫૦ જેટલા કર્મચારીઓ ભોગ બન્યા હોવાનું સામે આવ્યું છે. એક કર્મચારીએ નોકરી છોડયા બાદ પોતાના પીએફની રકમ માટે પીએફ ઓફિસમાં અરજી કરતાં સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટયો હતો. પોલીસે કંપનીના આરોપી માલિકોની ધરપકડ, તેમના બેંક એકાઉન્ટ સીઝ કરવાની કાર્યવાહી માટે તપાસનો ધમધમાટ આગળ ચલાવ્યો છે.

# ઉત્તમ કારકિર્દીનો શ્રેષ્ઠ વિકલ્પ 'કોલેજ ઓફ સેફ્ટી એન્ડ ફાયર ટેકનોલોજી'

ઔદ્યોગિક વિકાસ અને વૈશ્વિકરણના પગલે આજે આપણા દેશમાં વિવિધ ઉદ્યોગોએ વિકાસની હરણફાળ ભરી છે. છેલ્લા વર્ષોમાં ઘણા નવા શૈક્ષણિક ક્ષેત્રોનો ઉદ્ભવ થયેલ છે જેવા કે એન્જીનીયરીંગ, આઈટીઆઈ, ફેશન ડીઝાઈનીંગ, કોમ્યુનિકેશન વગેરે. આ કામોમાં એક નવો અને વિદ્યાર્થીઓને રોજગારીની વિપુલ તકો અને ઉત્તમ કારકિર્દી ઘડતર માટેનો એક માત્ર શ્રેષ્ઠ વિકલ્પ એટલે ફાયર અને સેફ્ટી.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સાયન્સ)માં ખુબ જ મહેનત કરી પરીક્ષામાં સફળતા મેળવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ સામે હંમેશા ઉત્તમ કારકિર્દી ઘડવા અંગેના ઉચ્ચ અભ્યાસક્રમો માટેની મુંજવણ હોય જ છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સ પછી રોજગારીની વિપુલ તકો અને ઉત્તમ કારકિર્દી ઘડવાનો એકમાત્ર વિકલ્પ એટલે ફાયર અને સેફ્ટી. ફાયર અને સેફ્ટી ક્ષેત્રે કારકિર્દી ઘડવા ઈચ્છુક વિદ્યાર્થીએ એક વખત તેની વેબસાઈટ www. collegeoffire technology. com ની મુલાકાત લેવી જોઈએ. વૈશ્વિકરણ અને સરકારી પ્રોત્સાહનોના કારણે આજે ગુજરાત પેટ્રોલિયમ, ફાર્માસ્યુટીકલ અને ઓટોમોબાઈલ તેમજ કન્સટ્રક્શન (બાંધકામો) જેવા ઔદ્યોગિક ક્ષેત્રોનું હબ બન્યુ છે.




**ખેડબ્રહ્મા સુજલામ સુફલામ જળસંચય યોજના બેનર નખાયા ભંગારમાં**

ખેડબ્રહ્મા તાલુકા તેમજ આખા રાજ્યના તમામ તાલુકાના મોટા ભાગના ગામડાઓ શહેરમાં હાલમાં સરકાર દ્વારા મનરેગા યોજના અંતર્ગત સુજલામ સુફલામ જળસંચય યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ચોમાસુ બેસે તે પહેલા તમામ કામો કરવા માટે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે. જ્યારે ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં આ યોજના અંતર્ગતના સરકારી ખર્ચે તૈયાર કરેલા બેનર ભંગાર ખાતે નાંખી દેવાયા છે. શુ આ બેનર સરકાર દ્વારા ખર્ચ કરીને ભંગારમાં નાંખવા માટે બનાવ્યા છે કે પછી પ્રજાને માહિતગાર કરવા માટે કે પછી અધિકારીઓને આ કામગીરી અંગે ખાનગીમાં વિરોધ હોય તેવુ પ્રજામાં ચર્ચાઓ થઈ રહી છે કે પછી આ વાતની તાલુકા અધિકારીઓને ધ્યાનમાં નહી હોય.

# પોલીસ કર્મચારીઓ પોલીસ મથકમાં જ ફિટનેસ મેળવશે

ગાંધીનગર,તા. ૧૭


ગુનાનો ભેદ ઉકેલવામાં તેમજ વીઆઈપી બંદોબસ્તમાં વ્યસ્ત રહેતા પોલીસ કર્મચારીઓ તણાવમુક્ત રહે અને તેમનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે સૌપ્રથમ વખત પોલીસ સ્ટેશનમાં જિમ બનાવવાનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. પોલીસ કર્મચારીઓના હેલ્થને ધ્યાનમાં રાખીને સરદારનગર પોલીસ સ્ટેશનમાં જિમ બનાવવામાં આવ્યું છે. પોલીસ કર્મચારીઓને તંદુરસ્ત અને ફીટ રાખવાના નવતર પ્રયોગના અમલીકરણને પગલે પોલીસ કર્મચારીઓ, અધિકારીઓ સહિત સમગ્ર પોલીસ બેડામાં ખુશીની લાગણી ફેલાઈ છે. સ્ડિજિટલ ઈન્ડિયામાં શહેર પોલીસ ધીમે ધીમે હાઈટેક બનીને પેપરલેસ કામ તરફ આગળ વધી રહી છે. પોલીસ કર્મચારીઓ અવનવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગુનાના ભેદ ઉકેલી રહ્યા છે તો બીજી તરફ વીવીઆઈપીઓના બંદોબસ્તનું ભારણ પણ ઘટવાની જગ્યાએ વધી રહ્યું છે. સરદારનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મચારીઓ માટે ખાસ પ્રકારનું જિમ બનાવવામાં આવ્યું છે, જેમાં પોલીસે જિમનાં તમામ સાધનો વસાવ્યાં છે. પોલીસ કર્મચારીઓનાં હાર્ટએટેક અને બ્લડ પ્રેશરના કારણે મૃત્યુ થયાં હોવાની અનેક ઘટનાઓ ઘટી છે. હવે કોઈ પોલીસ કર્મચારીઓ બિમારીથી દૂર રહે અને તંદુરસ્ત-ફીટ રહે તે માટે જિમ શરૂ કરવામાં આવ્યું છે. થોડા સમય પહેલાં ડીસીપી ઝોન-૨ સ્કવોડમાં ફરજ બજાવતા જગદીશભાઈ નામના પોલીસ કોન્સ્ટેબલનું હાઈ બ્લડ પ્રેશરના કારણે મોત થયું હતું, શહેરમાં રાત-દિવસ નાગરિકોનું સંરક્ષણ કરતા ૯૦ ટકા કરતાં વધુ પોલીસ કર્મચારીઓ કામના ભારણના લીધે હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, કિડની-હૃદયરોગની તકલીફથી પીડાતા હોવાનું પણ સર્વેમાં સામે આવ્યું હતું. તાજેતરમાં પોલીસ વેલ્ફેર હોસ્પિટલમાં પોલીસ કર્મચારીઓના ચેકઅપ દરમ્યાન ચોંકાવનારા આંકડા પ્રકાશમાં આવ્યા છે, જેમાં ૨૨૬૭ પોલીસ કર્મચારીઓનાં મેડિકલ ચેકઅપ થયાં હતાં, જેમાં ૧૨૯ પોલીસ જવાનો સ્વસ્થ હતા, જ્યારે ૧૨૭૦ પોલીસ જવાનોને બીમારીની સામાન્ય અસર દેખાઈ હતી અને ૮૬૮ ગંભીર બીમારીથી પીડાય છે. ગંભીર બીમારીથી પીડાતા પોલીસ કર્મચારીઓ પૈકી ૩૯૩ વ્યસનના કારણે બીમાર છે. ૩૦૦ હાઈ બ્લડ પ્રેશરની બીમારીથી પીડાય છે. જ્યારે ૬૮ પોલીસ કર્મચારીઓ ડાયાબિટીસનો શિકાર છે અને ૨૮ પોલીસ જવાનો હાઈ બ્લડ પ્રેશર-ડાયાબિટીસની બીમારીનો શિકાર બન્યા છે. પોલીસ કર્મચારીઓની વાત હોય તો ફકત પુરુષ પોલીસ જ ગંભીર બીમારીથી નથી પીડાતા, પરંતુ મહિલા પોલીસ જવાનોની પણ કફોડી સ્થિતિ સામે આવી છે. મહિલા પોલીસ સ્ટેશનની ૨૮ મહિલા પોલીસ કર્મચારીઓ અને અન્ય પોલીસ સ્ટેશનની ૬૩ મહિલાઓનાં મેડિકલ ચેકઅપ દરમ્યાન ૮૦ ટકા મહિલાઓ હિમોગ્લોબીનની ખામીના કારણે પરેશાન છે. સરદારનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર. એન. વિરાણીએ જણાવ્યું હતું કે પોલીસ કર્મચારીનાં સ્વાસ્થ્ય સારાં થાય તે માટે આ જિમ ચાલુ કરવામાં આવ્યું છે. પોલીસ કોઈ પણ સમયે પોલીસ સ્ટેશનમાં આવે ત્યારે આ જિમનો ઉપયોગ કરી શકે છે. પોલીસ કર્મચારીઓને તંદુરસ્ત, ફીટ અને કસરતી રાખવાના નવતર પ્રયોગના ભાગરૂપે આ જિમની સ્થાપના કરવામાં આવી છે.

# યુવતી આત્મહત્યા પ્રકરણમાં બે PSI વિરૂદ્ધ ફરિયાદ થઈ

અમદાવાદ,તા. ૧૭

જૂનાગઢ જિલ્લાનાં વિસાવદરમાં પોલીસનાં ત્રાસથી યુવતીની આત્મહત્યાના ચકચારભર્યા કેસમાં આખરે ૨૪ કલાક બાદ સ્થાનિક પોલીસે આ કેસમાં કથિત સંડોવણી ધરાવતાં અને જવાબદાર મનાતા બે પીએસઆઈ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. યુવતીની આત્મહત્યા પ્રકરણમાં પીએસઆઈ વી ટી પરમાર, આર કે સાનિયા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કલમ ૩૦૬ અને કલમ ૩૨૩ મુજબ બંને પીએસઆઈ વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવતાં રાજયભરના પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. નોંધનીય છે કે, જાહેરજનતાની ફરિયાદ નોંધતી પોલીસ જ હવે ફરિયાદના હાંસિયામાં સમાવેશ પામતી જાય છે, જે પોલીસતંત્ર માટે પણ બહુ શરમજનક વાત કહી શકાય. ચકચારભર્યા આ કેસની વિગત એવી છે કે, જૂનાગઢનાં વિસાવદર પોલીસ સ્ટેશનમાં એક યુવતીએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી હતી. પોલીસ દ્વારા ટ્રાફિકનાં પ્રશ્ને પિતાને માર મારતા યુવતી આશિયાના રઝાકભાઈ મોદીએ (ઉ.વ.૧૮) તાજેતરમાં પોલીસ સ્ટેશનમાં જ આત્મહત્યા કરી હતી. મહત્વનું છે કે પિતા રઝાકભાઈને ટ્રાફિક અડચણને કારણે માર મારતા પિતાને બચાવવા આવેલ આશિયાનાએ પોલીસના અત્યાચાર અને જુલ્મથી ત્રસ્ત થઈ પોલીસ સ્ટેશનમાં જ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. નોંધનીય વાત તો એ હતી કે, પિતા રઝાકભાઈને ટ્રાફિક અડચણને કારણે પોલીસ દ્વારા માર મારવામાં આવતાં પુત્રી આશિયાના પોલીસ સ્ટેશન ગઈ હતી. ત્યાં પહેલીવારનાં બનાવમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલે આશિયાનાને પણ વાળ ખેંચીને ઢોર માર માર હતી અને તેને જાહેરમાં હડધૂત કરવામાં આવી હતી. પોલીસના આ અમાનવીય વર્તનના કારણે લાગી આવતાં આશિયાનાએ ઝેરી દવા પી પોલીસ સ્ટેશનમાં જ આત્મહત્યા કરી લીધી હતી. જો કે, તેને ગંભીર હાલતમાં ૧૦૮ મારફતે જૂનાગઢ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી પરંતુ ત્યાં તેનું મોત નીપજયુ હતું.

આ બનાવને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પરિવારજનોએ પોલીસના અત્યાચારને લઈ પુત્રીના મોતની ઘટનાને લઈ ભારે હોબાળો મચાવ્યો હતો અને તેણીનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. પરિવારજનોએ આ પ્રકરણમાં જવાબદાર પોલીસ સામે ફરિયાદ દાખલ કરવાની ઉગ્ર માંગણી કરવામાં આવી હતી, જે જૂનાગઢ એસપી દ્વારા આખરે સ્વીકારાતાં પરિવારજનોએ પુત્રીનો મૃતદેહ સ્વીકાર્યો હતો. આ પ્રકરણમાં બે પીએસઆઈ વિરૂધ્ધ ફરિયાદ દાખલ થયા બાદ આ ગુનામાં સંડોવાયેલા બે પોલીસ કોન્સ્ટેબલ અને બે મહિલા કોન્સ્ટેબલ વિરૂધ્ધ પણ ફરિયાદ દાખલ થાય તેવી શકયતા છે.




**કાબોલા-મડાસણા પુલ સાથે દૂધનું ટેન્કર ભટકાયું**

મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરી માર્ગ પર આવેલા કાબોલા-મડાસણા ગામ નજીકથી પસાર થતી મેશ્વો નદી પર બનાવેલ પુલ પર હિંમતનગર તરફથી આવતું દૂધ ભરેલ ટેન્કર ચાલકે સામેથી આવતા વાહન સાથે અકસ્માત નિવડવા જતા પુલ સાથે ભટકાઈ દીધું હતું. સદનસીબે પુલ પરની દીવાલ ધરાશાયી ન થતા મોટી જાનહાની ટળી હતી.

# મુંબઈ બ્લાસ્ટ કેસમાં સામેલ કુખ્યાત આતંકવાદી ઝડપાયો

## ટેક્સી ડ્રાઇવરના સ્વાંગમાં છુપાયો : મહારાષ્ટ્ર એટીએસ દ્વારા પકડેલા ફૈઝલની પૂછપરછના આધાર પર ઝડપાયો

અમદાવાદ,તા. ૧૭

મુંબઈમાં વર્ષ ૨૦૦૧માં થયેલા બોમ્બ બ્લાસ્ટના ચકચારભર્યા કેસમાં સંડોવણી ધરાવતાં અલ્લારખા નામના એક આરોપીને કચ્છના ગાંધીધામ ખાતેથી એટીએસના અધિકારીઓએ રંગેહાથ ઝડપી લીધો છે. અલ્લારખા કચ્છના ગાંધીધામમાં ટેક્સી ડ્રાઈવરના સ્વાંગમાં રહેતો હતો પરંતુ આજે એટીએસના હાથે ઝડપાઈ ગયો હતો. મુંબઈમાં વર્ષ ૨૦૦૧માં થયેલા બોમ્બ બ્લાસ્ટના ચકચારભર્યા કેસમાં તપાસ કરી રહેલી મહારાષ્ટ્ર એટીએસના હાથે મુંબઈના જુહુ વિસ્તારમાંથી એક આતંકવાદી ફૈઝલ હસન મિર્ઝા ઝડપાઈ જતાં, તેની પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં એવો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો કે, આ બોંબ બ્લાસ્ટ પ્રકરણમાં સંડોવાયેલો અલ્લારખા નામનો ટેક્ષી ડ્રાઈવર ગુજરાતમાં ટેક્ષી ડ્રાઈવર તરીકે કામ કરી છુપાતો ફરી રહ્યો છે. આ અંગે ગુજરાત એટીએસને જાણ કરવામાં આવી હતી. તે પછી બંને રાજ્યોના એટીએસની ટીમ દ્વારા સંયુક્ત તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ચોક્સ બાતમીના આધારે એટીએસના અધિકારીઓ દ્વારા કચ્છના ગાંધીધામમાંથી અલ્લારખાને ટેક્ષી ચલાવતો ઝડપી લેવામાં આવ્યો હતો. ૨૦૦૧માં આતંકવાદી ઘટનાને અંજામ આપનારા, અને ઘટના પછી સ્લિપર સેલમાં ફેરવાઈ ગયેલા આતંકવાદીઓ છૂપી રીતે હજી પણ બોમ્બ ધડાકા જેવી ઘટનાને અંજામ આપવાની પેરવીમાં છે ત્યારે મહારાષ્ટ્ર એટીએસને મળેલી માહિતી તેમજ ગુપ્તચર એજન્સીઓ તરફથી મળેલા ઈનપુટને આધારે ગુજરાત એટીએસ સાબદું થઈ ગયું હતું. મહારાષ્ટ્ર- ગુજરાત એટીએસએ સંયુક્તરીતે તપાસ શરૂ કરી હતી. જેમાં એટીએસને સફળતા મળતાં કચ્છના ગાંધીધામમાં ટેક્ષી ચલાવતા અલ્લારખાને ઝડપી લેવાયો હતો. ફૈઝલહસન મિર્ઝાની પૂછપરછ દરમિયાન તેણે ૨૦૦૧થી દુબઈમાં સંતાયેલા ફાઉક દેડીવાલા અને ગાંધીધામમાં રહેતા અલ્લારખાંનો ઉલ્લેખ કર્યો હતો. ફારૂકને લાંબા સમયથી પોલીસ શોધી રહી છે પણ તેનો પત્તો મળતો નહોતો. જો કે ફૈઝલ પાસેથી મળેલી માહિતી દુબઈ પોલીસને આપવામાં આવી હતી. જેને પગલે ફૈઝલ વિરુદ્ધ રેડકોર્નર નોટિસ ઈશ્યુ કરવામાં આવી હતી. સાથોસાથ ગુજરાત એટીએસની મદદ લઈને મહારાષ્ટ્ર એટીએસ કચ્છના ગાંધીધામ સુધી પહોંચી હતી.

# અરબી દરિયામાં વાવાઝોડું સક્રિય

અરબી સમુદ્રમાં સાગર વાવાઝોડુ સક્રિય થતાં હવામાન ખાતા દ્વારા હવામાનના સંભવિત ફેરફાર અને પલટાને લઈ આગાહી કરવામાં આવી છે. જો કે, અરબી સમુદ્રમાં ઉઠેલા આ સાગર વાવાઝોડાને લઈ ગુજરાત રાજ્ય પર કોઈ મોટો ખતરો નહી હોવાની સ્પષ્ટતા પણ કરાઈ છે, તેથી નાગરિકો માટે તે રાહતની વાત છે. બીજીબાજુ, સાગર વાવાઝોડાને લઈ અગમચેતીના પગલાંરૂપે પોરબંદર, વેરાવળ, નવલખી જાફરાબાદના દરિયાકાંઠાના બંદરો પર બે નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. તો સાથે સાથે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. અરબી સમુદ્રમાં સક્રિય થયેલા સાગર વાવાઝોડાના કારણે દરિયામાં પવનની સ્પીડ વધી શકે જેના કારણે બંદર પર તેની અસર થવાની શક્યતા છે, તે હેતુથી બંદરો પર બે નંબરનું સિગ્નલ મૂકી દેવાયું છે. બીજીબાજુ, જૂનાગઢ સહિતના કેટલાક પંથકોમાં ગઈકાલથી હવામાનમાં અચાનક પલ્ટો આવ્યો હતો, જેમાં ધોરાજી પથંકમાં ગઈકાલે સાંજે ભારે પવન સાથે વાવાઝોડું આવતા મોટીમારડ ગામ પાસે પાટણવાવ રોડ પર વૃક્ષો ધરાશાયી થઈ જતાં રોડ બંધ થઈ ગયો હતો.

## જિલ્લાના પ્રવાસે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

એજન્સીના અધિકારીઓની ટીમ તપાસ માટે આવી હોવાનું સત્તાવાર સાધનોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૪૨ જેટલા તળાવ ઊંડા કરવાની કામગીરી હાથ ધરવાનું આયોજન કરાયુ હતુ.

જિલ્લામાં હાલ જે રીતે હીટવેવ પ્રવર્તી રહ્યો છે તેને લઈ કામગીરી અત્યંત ધીમીગતિએ ચાલી રહી છે. જિલ્લામાં સુજલામ સુફલામ જળસંચય યોજના અંતર્ગત તળાવ ઊંડા કરવાની વાતને લઈ ધીમી કામગીરી અંગે જિલ્લા કલેક્ટર અને પ્રભારી સચિવ નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે.

બીજી તરફ પ્રભારી સચિવ પણ જિલ્લાતંત્રને અંધારામાં રાખી ચાલતી કામગીરી જોવા નીકળી જતાં તંત્ર હવે ચોતરફથી ઘોંસમાં આવ્યુ છે. જિલ્લાતંત્રએ પહેલાં મનપાને ત્રણ તળાવને બદલે વધુ ગામોમાં કામગીરી સોંપી ખો આપવાનો પ્રયાસ કર્યો છે તેની ગંભીર નોંધ પણ લેવામાં આવી છે.

## સ્ટાફની પૂર્તિ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પર વિપરિત અસર વર્તાઈ રહી છે. જયારે મેનપાવરના અભાવ વચ્ચે અરજદારોના કામો પણ અટવાય છે. જયારે આર ટી ઓ કચેરીમાં આસિસ્ટન્ટ ઈન્સપેકટરની પણ લાંબા સમયથી જગ્યા ખાલી હોવાથી કચેરીની કામગીરીમાં અવરોધ ઉભો થતો હતો. જયારે વાહન વ્યવહાર વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં આસિસ્ટન્ટ ઈન્સપેકટરની ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે પ્રથમવાર ડ્રો સિસ્ટમથી પોસ્ટીંગ આપવામાં આવ્યુ હતુ. જયારે ગાંધીનગસ સ્થિત આર ટી ઓ કચેરીમાં પણ ૮ ઈન્સપેકટરોને નિમણુંક આપવામાં આવી છે. ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં હાલ ૨ ઈન્સપેકટરોના આધારે સઘળી કામગીરી નિભાવાતી હતી. જયારે હવે ઈન્સપેકટરોની ઘટ નિવારવામાં આવતા પ્રથમવાર ટેકનિકલ સ્ટાફની પુર્તી થઈ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જેના લીધે આગામી દિવસોમાં નગરના માર્ગો પર ટ્રાફિક નિયમન સઘન બનવાની સાથે વાહન ચેકીંગની ઝુંબેશ પણ વધુ અસરકારક બનશે. આ ઉપરાંત આર ટી ઓ કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકની કામગીરી ઉપરાંત લાયસન્સ સહીતના કામોમાં અરજદારોને ઝડપથી ન્યાય મળશે. ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન હોવાની સાથે અનેકવાર ટેકનિકલ ક્ષતિના લીધે વહીવટી કામગીરી ઠપ્પ થઈ જતી હોવાની પણ ફરિયાદો ઉઠવા પામે છે. જયારે જરૂરી સ્ટાફની ભરતીના અંતે અરજદારોની સમસ્યાઓનો પણ અંત આવશે.

## સુપ્રીમના હાથમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શપથવિધી અને સરકારની રચનાને તે રોકી શકે નહી. જસ્ટીસ એકે સિકરી, એસએ બોબડે અને અને અશોક ભુષણની બનેલી ખાસ બેંચે કેટલાક આદેશ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે કર્ણાટક સરકારને પણ નોટીસ આપી હતી. યેદીયુરપ્પાના ભાવિ અંગે શુક્રવારના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે વહેલી સવારે કોઈ આદેશ આપ્યો ન હતો. જેના પરિણામસ્વરૂપે સવારે શપથવિધી યોજવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં રાત્રી ગાળા દરમિયાન જોરદાર ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો. યેદીયુરપ્પાને સરકાર રચવા માટે રાત્રે ૮.૪૫ વાગે આમંત્રણ આપવામાં આવ્યા બાદ કોંગ્રેસે આક્રમક વલણ અપનાવ્યુ હતુ. રાજ્યપાલના નિર્ણયને પડકાર ફેંકવાનો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં કોંગ્રેસી નેતાઓ પહોંચ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં સુનાવણીને લઈને તર્કદાર દલીલોનો દોર ચાલી રહ્યો છે. બંને પાર્ટીઓના નેતાઓ ધારદાર દલીલો કરી રહ્યા છે. કોંગ્રેસના કાયદાકીય નિષ્ણાતો પણ મેદાનમાં ઉતરી ગયા છે. બીજી બાજુ કોંગ્રેસના જનરલ સેક્રેટરી કેસી વેણુગોપાલે આક્ષેપ કરતા કહ્યું છે કે, યેદીયુરપ્પાને ૧૫ દિવસની અંદર ગૃહમાં બહુમતિ સાબિત કરવા માટે કહેવામાં આવ્યું છે. આના કારણે હોર્સ ટ્રેડિંગની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળશે. કોંગ્રેસને ભાજપના નેતાઓ પોતપોતાની રીતે આશાવાદી દેખાઈ રહ્યા છે.

## શપથવિધિ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બનાવી હતી. જો કે, મુખ્યમંત્રી હવે બહુમતિ માટે જરૂરી સભ્યો કઈરીતે એકત્રિત કર શકશે તેને લઈને પણ ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. લિંગાયત સમુદાયના ૭૫ વર્ષીય શક્તિશાળી નેતા યેદીયુરપ્પાને રાજ્યપાલ વજુભાઈ વાળાએ રાજભવન ખાતે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં રાતભર દલીલબાજીનો દોર ચાલ્યો હતો. જો કે અંતે સુપ્રીમ કોર્ટે યેદીયુરપ્પાની શપથવિધીનો રોકવાનો ઈન્કાર કર્યો હતો. દક્ષિણ રાજ્યમાં સત્તા પર આવવાથી ભાજપને રોકવાના છેલ્લી ઘડીના પ્રયાસ રૂપે ચૂંટણી બાદ જોડાણ કરનાર કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધન દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સરકારની રચના કરવા ભાજપને આમંત્રણ આપવા રાજ્યપાલ વજુભાઈ વાળાના આમંત્રણને રોકવાની માંગ સાથે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. કોંગ્રેસ-જેડીએસ ગઠબંધન તરફથી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યુ હતુ કે શપથવિધી પણ રોકવાની જરૂર છે. જો કે તેમની દલીલ સ્વીકાર કરવામાં આવી ન હતી. યેદીયુરપ્પા પાસે રાજ્ય વિધાનસભામાં બહુમતિ સાબિત કરવા માટે ૧૫ દિવસનો સમય છે. હાલમાં ગૃહમાં ભાજપ પાસે ૧૦૪ ધારાસભ્યો છે. તેની પાસે બહુમતિ હાંસલ કરવા માટે બીજા આઠ સભ્યો છે. બીજી બાજુ કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધન ૧૧૭ ધારાસભ્ય ધરાવે છે. કર્ણાટકમાં છેલ્લી સ્થિતી મુજબ ભાજપને ૧૦૪ સીટો મળી છે અને તેને છેલ્લી ચૂંટણીની સરખામણીમાં ૬૪ સીટનો ફાયદો થયો છે. જ્યારે કોંગ્રેસને ૭૬ સીટ મળી છે અને તેને ૪૪ સીટનુ નુકસાન થયુ છે. જેડીએસને ૩૮ સીટ મળી છે અને છેલ્લી ચૂંટણીની તુલનામાં બે સીટો ઓછી મળી છે. મત હિસ્સેદારીની વાત કરવામાં આવે તો ભાજપને વર્ષ ૨૦૧૩માં ૨૦ ટકાની તુલનામાં ૩૬ ટકા મતહિસ્સેદારી મળી છે. કોંગ્રેસને વર્ષ ૨૦૧૩માં ૩૭ ટકા મતહિસ્સેદારી મળી હતી જેની સામે હવે ૩૮ ટકા મત હિસ્સેદારી મળી છે. કોંગ્રેસના વોટ વધ્યા છે પરંતુ સીટો ઘટી છે. કોંગ્રેસ દ્વારા લિંગાયતને અલગ ધર્મની માન્યતા આપવા સાથે સંબંધિત કાર્ડ પણ ફલોપ રહેતા તેને ફટકો પડ્યો છે. મુસ્લિમ ક્ષેત્રોમાં પણ ભાજપની સ્થિતી મજબુત બની છે. ભાજપને મુસ્લિમ ક્ષેત્રોમાં આ વખતે ૧૫ સીટ મળી છે જે વર્ષ ૨૦૧૩માં પાંચ સીટો હતી. કોંગ્રેસની સીટ ઘટી છે.

બહુમતિના આંકડા સુધી પહોંચવા માટે કોઈપણ પાર્ટીને ૧૧૨ સીટની જરૂર હતી. એક વખતે પાર્ટીએ ૧૧૨નો બહુમતિનો આંકડો પાર કરીને ૧૨૧ સીટ સુધી લીડ મેળવી હતી પરંતુ છેલ્લે તેની લીડમાં ઘટાડો થયો હતો. ભાજપે કર્ણાટકમાં યોજાયેલી ૨૨૪ વિધાનસભાની કુલ સીટ પૈકીની ૨૨૨માંથી ૧૦૪ સીટો જીતી હતી. ભારતીય જનતા પાર્ટી કર્ણાટકમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી જ્યારે કોંગ્રેસ પાર્ટીને ૭૮ સીટો મળી હતી. જેડીએસ ત્રીજા સ્થાન ઉપર રહી હતી તેને ૩૮ સીટો મળી હતી. અન્યોના ખાતામાં બે સીટો ગઈ હતી.